# નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી

## બ્લોક ન.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Phone no. 079 232 56317 Fax no. 079 232 56308 Email: dir-sd@gujarat.gov.in


ન.મકમ/હિન્દી પરીક્ષા મુકિત/ ૧૫-૧૬/ ૧૭૨૬ તા. ૧૨-૦૫-૨૦૧૫

## પરિપત્ર

વિષય:- વર્ગ-૩ તથા વર્ગ-૪ ના કર્મચારીઓને હિન્દી પરીક્ષામાંથી મુકિત આપવા અંગે

આથી ખાતા હસ્તકના તમામ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જણાવવાનુ કે, સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ,ગાંધીનગરના ઠરાવ નં. હનપ/૧૧૭૯/૩૦૨૫/ક, તા. ૩/૩/૧૯૮૧ થી હિન્દી પરીક્ષાની મુકિત આપવાની સત્તા કચેરીના વડાને પણ આપેલ હોઇ સરકારી સંસ્થા/કચેરીના વર્ગ-૩ તથા વર્ગ-૪ના કર્મચારીને સરકારશ્રીના હિન્દી પરીક્ષા મુકિત વિષયકના તમામ તથા વખતોવખતના સુધારેલ ઠરાવો ધ્યાને લઇ યથા પ્રસંગે હિન્દીની બોલચાલ શ્રેણી, નિમ્નશ્રેણી અથવા ઉચ્ચ શ્રેણી પરીક્ષામાંથી મુકિત આપવાના વિધિસર હુકમો કરવાની સત્તા જીલ્લા કક્ષાએથી સબંધિત જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને સોંપવામાં આવે છે. હિન્દી પરીક્ષા મુકિત અંગેની નોંધ સબંધિત કર્મચારીની સર્વિસબુકમાં કરવાની રહેશે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુ.રા., ગાંધીનગર.

બિડાણ:- ઉપર મુજબ

પ્રતિ,

(૧) ખાતા હસ્તકના તમામ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને યોગ્ય કાર્યવાહી અર્થે જાણ સારુ

(૨) ખાતા હસ્તકની તમામ સરકારી સંસ્થાઓના વડાઓને જાણ સારું.

(૩) સમાજ સુરક્ષા ખાતાની તમામ શાખાના અધિકારીશ્રીઓને જાણ સારૂં.